ગુજરાત રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 'ખેલ સહાયક' યોજના બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: ED/GES/e-file/3/2023/0412/G-1
સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધેલા :

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૦/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ED/GES/e-file/3/2023/0412/G-1

આમુખ :

રાજ્યની ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થઇ શકે તથા યોગ, શારીરિક શિક્ષણ, તથા રમત ગમતમાં રસ રૂચિ વધે તેમજ ભવિષ્યમાં યોજાનાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલકૂદ સ્પર્ધાઓમાં ગુજરાતનાં વિદ્યાર્થીઓ વધારે સંખ્યામાં પ્રતિનિધિત્વ કરી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી શકે તે માટે શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રમત ગમત અને ખેલકૂદ માટે તૈયાર કરવાના હેતુથી શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવથી ખેલ સહાયક યોજના દાખલ કરવામાં આવેલ છે.

સદર ઠરાવના ફકરા ૩ (૨) ની જોગવાઇ મુજબ, ખેલ સહાયક તરીકેની નિમણૂંક માટે ઉમેદવારની મહત્તમ વયમર્યાદા ૩૫ વર્ષ નક્કી કરવામાં આવેલ છે. આ વય મર્યાદામાં વધારો કરવા માટે વિવિધ મૌખિક રજુઆતો કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે, શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવના ફકરા ૩ (૨) ની જોગવાઈમાં **ઉમેદવારની મહત્તમ વય મર્યાદા** (અરજીની તારીખે) "૩૫ વર્ષથી વધુ નહીં" ના બદલે **"૩૮ વર્ષથી વધુ નહીં"** મુજબનો સુધારો કરવામાં આવે છે.

ઉક્ત ઠરાવની અન્ય વિગતો યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૦૪/૦૮/૨૦૨૩ની નોંધથી સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ

Signature valid
Signed by: J T Bandhaniya
Under Secretary
Date: 2023.08.04
18:43:02 +05:30

File No: ED/GES/e-file/3/2023/0412/G-1
Approved By: Hitesh K Gohil(DS,G-1,ED)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign